
પ્રકાશકઃ—
શ્રી મુક્તિવિજયજી શાસ્ત્ર સંગ્રહ.
વ્ય. શા. સાકરચંદ ચીમનલાલ
મુ. છાણી. (વડોદરા)



મુદ્રક—
શા. ગુલાબચંદ લલ્લુભાઇ
શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.




વ્યાખ્યાનવાચસ્પતિ કવિકુલકિરીટ પૂ. પા. આચાર્યદેવ
શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

ગેરેનો [illegible] [illegible] [illegible] [illegible]. [illegible]
નેગવિજયગઢ [illegible] [illegible] [illegible] [illegible]

અન્તે [illegible] [illegible] [illegible] [illegible]
દાના રહેતા પાણી [illegible] ને [illegible] [illegible]
માગીએ છીએ. સૌ [illegible] આ ઝૂંપડીમાં રહેતા [illegible]
એમને વાંચી, [illegible], [illegible] [illegible] [illegible]
બનાવે એજ શુભેચ્છા.

પ્રકાશક.



સહાયકની નામાવલી.

૧૨૫) મુલચંદ ભાયચંદ બીડકર.

૫૧) મુલચંદ નાનચંદ શુંદેશા

૫૧) ભભૂતમલ હેમચંદ પરમાર

૫૧) શા. મઘાજી ભીમાજી ઇસ્લામપુરા

૪૧) વરધાજી રતનાજી

ॐ અર્હમ્.

સદ્બોધ સંચય

ક્યાં છે આજે ?

૧. અયોધ્યાની ગાદીના સાચા હક્કદાર અને પ્રજાજનને અત્યંત માન્ય હોવા છતાં, હૃદયમાં જરા પણ રોષની લાગણી પ્રગટાવ્યા સિવાય, ન્યાય-અન્યાયને તોલવાની ગડમથલ કર્યા વિના, તથા લેશભર પણ આનાકાની કર્યા સિવાય વનવાસ જવાની પિતાશ્રીની કડક આજ્ઞાને શીરોધાર્ય કરનાર **ક્યાં છે આજે ?** રામચંદ્રજી જેવા વિનીત, સુશીલ અને ઉદાર પુત્રો.

અને જણાવે છે કે રામચંદ્રજી તો ક્યાર-
એ નમસ્કાર કરીને ગયા. જા તું જલ્દી જા.
હે તો તારે અને એમને ઘણું છેટું પડી જશે.
ાં છે આજે ? પોતાના ઓરમાન પુત્ર ઉપર
ણ આવો વાત્સલ્યભાવ રાખનારી સુમિત્રા
વી માતાઓ.

૪. વડીલભ્રાતા શ્રીમદ્દ રામચંદ્રજીની
ાને ખાતર રાજવૈભવોના સુખોને ઠોકરે મારી
ંગલને પણ મંગળસમ માનનાર **ક્યાં છે
ાજે ?** લક્ષ્મણજી જેવા સેવાભાવી લઘુભ્રાતાઓ.

૫. મોટાભાઇના પત્ની સીતાજીને પણ
ાતૃતુલ્ય ગણી તેમના ચરણમાં સદૈવ નમ-
ાર કરનાર અને કદી પણ તેમના મુખ સામે
ષ્ટિ નહિ નાંખનાર **ક્યાં છે આજે ?** લક્ષ્મ-
ણજી જેવા સદાચારી અને વિવેકી દેવરો.

૭. શ્રી [illegible] સાથે જ
[illegible] કોશલ
સીતાજીને [illegible] સીતા
શરીરને [illegible], [illegible] સુ
લતાને ધ્યાનમાં [illegible]
દુષ્કરતા સમજાવતા કહે છે કે ન તો હું
તને નિષેધ કરી શકું એમ છું અગર
જવાની આજ્ઞા આપી શકું એમ છું. મારે
મૌન એ જ શ્રેયસ્કર છે. ક્યાં છે આ
સીતાજી જેવી પુત્રવધૂઓ, અને પુત્રવધૂ

કહો ક્યાં છે આજે? સમય આવે કડક પણ સાચી વાત કહી દઇ ધર્મની તરફેણ કરનારા લક્ષ્મણજી જેવા નૈતિક હિંમતબાજો.

૧૦. વીરધવલરાજાની જરાપણ પરવા કર્યા વિના મુનિમહારાજનું અપમાન કરનાર રાજાના મામાને કડક શિક્ષા આપનાર ક્યાં છે આજે? વસ્તુપાલ જેવા સાચા ગુરુભક્તો.

૧૧. ધોળકાના નરેશ શ્રી વીરધવલ, જ્યારે વસ્તુપાલ અને તેજપાલને મંત્રીમુદ્રા સ્વીકારવાનું કહે છે ત્યારે તેઓ જવાબમાં જણાવે છે કે-પહેલાં નંબરમાં હમારા દેવની સેવા, બીજા નંબરમાં ધર્મગુરુઓની સેવા, ત્યારપછી તમારી સેવા કરવા બંધાઇએ છીએ. જો હમારી આ શરત આપને કબૂલ હોય તો તમારા મંત્રી બનવાને હમો તૈયાર છીએ; નહિ તો મંત્રી

...હો ક્યાં છે આજે? સમય આવે કડક ...લ્ સારી વાત કહી દઇ ધર્મની તરફેણ ...કરનારા લક્ષ્મણજી જેવા નૈતિક હિંમતવાળો.

૧૦. વીરધવલરાજાની જરાપણ પરવા ...ર્યા વિના મુનિમહારાજનું અપમાન કરનાર રાજાના મામાને કડક શિક્ષા આપનાર ક્યાં છે આજે? વસ્તુપાલ જેવા સાચા ગુરુભક્તો.

૧૧. ધોળકાના નરેશ શ્રી વીરધવલ, જ્યાં વસ્તુપાલ અને તેજપાલને મંત્રીમુદ્રા સ્વીકાર... વાનું કહે છે ત્યારે તેઓ જવાબમાં જણાવે ... કે-પહેલાં નંબરમાં હમારા દેવની સેવા, બીજ... નંબરમાં ધર્મગુરુઓની સેવા, ત્યારપછી તમાર... સેવા કરવા બંધાઇએ છીએ. જો હમારી આ ... શરત આપને કબૂલ હોય તો તમારા મં... બનવાને હમો તૈયાર છીએ; નહિ તો મ...

છે. પોતાના ગામ જતા રસ્તામાં કુમારપાળ મહારાજાના મંત્રીશ્વર સબા બારી દહેરાસર માટેનો ખરડો કરી રહ્યા છે. ભીમોકુલડીયો ત્યાં મહામહેનતે પ્રવેશ કરે છે. અને ઘી વેચીને ઉત્પન્ન કરેલો નફો કહો અગર તો પોતાનું સર્વસ્વ કહો જે કાંઇ હતું તે માત્ર એક જ રૂપીયો હતો. જે અત્યંત હર્ષભેર ટીપમાં લખાવી પોતાનું નામ પહેલે નંબરે નોંધાવે છે. આજીવિકાની પણ ચિન્તા કર્યા વિના સર્વસ્વ અર્પણ કરી દેનારા કયાં છે આજે ? ભીમાકુલડીયા જેવા દાનવીરો.

૧૪. નાકના ખાતર, સ્નેહના ખાતર, અને સ્વાર્થના ખાતર પોતાના સગા-સંબંધીઓને, આડતીયાઓને, અને મિત્રોને જમાડનારા તો આ જગતમાં ઘણા એ મનુષ્યો છે. પરન્તુ આંતરે-આંતરે ઉપવાસ કરીને પણ રોજ એક

સમાન ધર્મીને જમાડવાની સુંદર પ્રતિજ્ઞાવાલા **ક્યાં છે આજે**? પુણીયા શ્રાવક જેવા સાચા સાધર્મિકવાત્સલ્યના પ્રેમીઓ.

૧૫. દુષ્કાળરૂપ સિંહના મુખમાં સપડાએલ માનવરૂપ મૃગલાઓને અઢળક લક્ષ્મીનો વ્યય કરી જીવિતદાન અર્પણ કરનારા **ક્યાં છે આજે**? જગડુશા જેવા અભયદાનની કિંમત સમજનારા પરગજુ શેઠીયાઓ.

૧૬. **ધવલશેઠ** જેવા અપકારી, પરમ નિર્દય અને કૃતઘ્ની આત્મા ઉપર પણ ઉપકાર કરી દયાનો મેઘ વરસાવનાર **ક્યાં છે આજે**? શ્રીપાળ મહારાજા જેવા નવપદજીના શ્રે આરાધકો.

૧૭. **સારું** અગર બૂરું, જે કાંઇ થાય છે તે પોતાના કર્મ અનુસાર જ થાય છે. સાર

આ કાંઈ બજારનું કરીયાણું નથી. આ તો આપણા સૌ કોઈના સ્વામી છે. પોતાની માતાના મુખથી આ વાતને સાંભળી વિચારે છે કે-હજુ પણ મારે માથે સ્વામી છે, તો જરૂર મારા પુણ્યમાં હજુ ખામી છે. બસ મારા શિર ઉપર કોઇની પણ સત્તા ન હોય એવી સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની તમન્નાએ તેમને દૈવી વૈભવો અને દેવાંગનાના રૂપને મહાત કરે એવી બત્રીશ સ્ત્રીઓને ત્યાગી દેવાનું બળ સમર્પ્યું. તુરત જ મહાવીર પ્રભુના ચરણે જઇ જીવન સમર્પિત કરી દીધું. **ક્યાં છે આજે?** સાચી સ્વતંત્રતાને સમજી તે મેળવવાની તીવ્ર ભાવનાવાલા શાલિભદ્રજી જેવા સાચા સ્વરાજ્યવાદીઓ.

૧૯. **રાજાના** ગેરવ્યાજબી હુકમથી ખંધકઋષિજીની શરીરની ખાલ ઉતારવા આવેલા રાજસેવકોને ખંધકજી કહે છે કે—તમારા રાજાની

આજ્ઞાનો અમલ તમે કરો એમાં મને કશો જ વાંધો નથી, પરન્તુ તપથી મારું શરીર તદ્દન ક્ષીણ થઇ ગયું છે. લોહી અને માંસ વિનાના હાડપિંજરરૂપ મારા શરીર ઉપરથી ચામડી ઉતારતા તમોને જરા પણ નુકશાન ન પહોંચે, એ હેતુથી તમો જેમ કહો તે સ્થિતિમાં હું રહું. અસહ્ય અને મરણાન્ત કષ્ટ આપનાર રાજા તથા રાજસેવકો ઉપર જરા પણ ક્રોધ નહિ કરતા, પોતાના શરીરથી અન્યને નુકશાન ન થાય તેની પૂરી કાળજી રાખનારા, કયાં છે આજે ? કૃપાનિધાન, અને ક્ષમાના ભંડાર ખંધકજી જેવા મહાન્ તપસ્વીઓ.



કરી લેવા માટે કઠોર હૈયું કેમ નહિ પીગળતું હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

૬. દુકાને ઘરાક રોજ નહિ આવવા છતાં દુકાન ખોલીને રોજ બેસનારાઓ, સામયિક, પ્રતિક્રમણ અને પૂજા આદિ શુભ ક્રિયામાં કદાચ એકદમ ભાવ નહિ આવવા માત્રથી તે ક્રિયાઓને છોડી દેવાની ઉતાવળ કેમ કરતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

૭. વોટરટેક્સ, સુપરટેક્સ, સેલટેક્સ, ઇન્કમટેક્સ અને વોરટેક્સ આદિના લફરાને ગમે તેવા કપરા સંજોગોમાં નભાવી લેનારા દહેરાસર અગર ઉપાશ્રયનું કાર્ય નભે એ માટે ઠરાવેલી જુજ રકમ પણ આપતા કેમ ખચકાતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

૮. વડીલોએ બધા ઉપર સમદૃષ્ટિવાલા થઇ

સ્થાન અર્પણ કરે એના એક ધર્મની જ જરૂરી-યાતને કેમ નહિ માનતા હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

૧૧. **પોતાની** સંતતિને એમ. એ. એમ. એ. એલ.એલ. બી. અગર તો આઇ. સી. એસ. આદિ વિશાળ જ્ઞાનવાલી ડીગ્રીઓ હાંસલ કરાવવા માટે સાત આઠ વર્ષની નાની ઉમ્મર માંજ નિશાળે મૂકવાની સતત કાળજી રાખનારા ભગવાન મહાવીરની દ્વાદશાંગીનું વિશાળ અં સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તેમની ત્યાં નિશાળમાં મોકલતા માતપિતાને અને ખુશી જતાં નાની ઉમ્મરના બાળકોને શા માટે અ કાવતા હશે? **એની કાંઇ સમજ પડતી નથ**

૧૨. જેઓ પોતે સ્વતંત્રતાને ચાહે તેઓ બીજાની સ્વતંત્રતા ઉપર ત્રાપ મારવ

ન્યાયભરી કાર્યવાહી કેમ કરતા હશે ? **એની**
કાંઇ સમજ પડતી નથી.

૧૩. **ટાઇફોઇડ** ફીવરની લાંબી માંદગીમાં માત્ર મગના પાણી ઉપર અને મોસંબીના રસ ઉપર ગુજારો કરનારાને, સારા થયા પછી ઉપવાસ, આયંબિલ, એકાસણા આદિની સામાન્ય તપશ્ચર્યા કરવામાં કેમ કઠીનતા માલૂમ પડતી હશે ? **એની કાંઇ સમજ પડતી નથી.**

પોતાની મા, બેન તરફ કુદૃષ્ટિથી
પર લીલાપીળા થઇ જનારાઓ, બીજાની
ગર સ્ત્રી તરફ ખરાબ દૃષ્ટિથી જોવાની
ને કેમ તિલાંજલી નહિ આપતા હોય
કાંઇ સમજ પડતી નથી.

૧૫. **સ્વયં** સગવડની શોધમાં ફરનારા અ
બીજાની સગવ
વડથી દૂર ભાગનારા,

ઝુંટવી લઈને તેને માટે અનેકવિધ અગવડ
ઊભી કરતા તેના દુઃખનો લવલેશ પણ વિચા
કેમ નહિ કરતા હોય? **એની કાંઇ સમજ
પડતી નથી.**

૧૬. **શેઠ** રજા આપે તે પહેલા પોતે જ
રાજીનામું આપી દેવામાં બુદ્ધિમત્તા સમજ
નારા પોતાનો વૈભવ નાશ થાય એ પહેલ
તેનો સદુપયોગ કરી લેવામાં કેમ ઢીલ કરતા
હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

૧૭. દર વર્ષે ખાતાવહીમાં શાલિભદ્રજીની
ઋદ્ધિ હોજો એમ નિયમિત લખનારાઓને તેવી
ઋદ્ધિ માત્ર લખવાથી મળે છે કે પુણ્યાઈ કર
વાથી પ્રાપ્ત થાય છે તેટલું પણ જ્ઞાન હશે કે
કેમ? **એની કાંઇ સમજ પડતી નથી.**

૧૮. **સત્તા** અને ધનનો સદુપયોગ ...

તેઇએ એમ રોજ બાંગ પોકારનારા જ્યારે પોતે
સત્તાના તથા ધનના માલીક થાય છે ત્યારે
તેનો સદુપયોગ કરવાનું તેઓ કેમ વીસરી જતા
હશે ? **એની કાંઇ સમજ પડતી નથી.**

૧૯. સાડા ત્રણ મણની કાયામાં માત્ર એક
કાંટાનો ઘા પણ નહિ સહન કરનારાનું નિર્દોષ
પ્રાણીઓ ઉપર ભાલાનો અને લાઠીનો ઘા
કરતા નિર્દય હૃદય કેમ નહિ કાંપતું હોય ?
એની કાંઈ સમજ પડતી નથી.

૨૦. **સહેજ** સ્વભાવે પૂર્વના પુણ્યોદયથી
પ્રાપ્ત થએલા ધર્મપ્રસંગને ઠોકરે મારી, દૂર
રહેલા અધર્મના પ્રસંગોને ખેંચી લાવવા તન-
તોડ યત્ન કરનારા દૂધના કટોરાને ઠોકરે મારી
ઝેરના કટોરાને ગ્રહણ કરવાની મૂર્ખાઇ કેમ
કરતા હશે ? **એની કાંઇ સમજ પડતી નથી.**

૨૧. ખાવાની, પીવાની, ફરવાની, ફરવા રાંધવાની, ભિક્ષા જવાની, ટટ્ટી જવાની, ઉ વાની આદિ સાંસારિક તમામ ક્રિયાઓમાં અને દિવસ મશગૂલ રહેવા છતાં સામાયિ પૂજા, પ્રતિક્રમણ, પૌષધવ્રત, પચ્ચખાણ અ શુભ ક્રિયાઓની અવગણના કરનારાઓ અધ્યાત્મજ્ઞાની કહેવા કે ઉંધ્યાત્મજ્ઞાની કહે **એની કાંઇ સમજ પડતી નથી.**

૨૨. બકરાની માફક ગોંધનારી ટ્રેન, અને બસની કંટાળાભરેલી મુસાફરીને અગર કમને રોજ નીભાવી લેનારા પર્યુષ વિશાળ વ્યાખ્યાન સભાની અને સાંવત્સ પ્રતિક્રમણ સમયની અલ્પકાલીન મનુષ્ ભીડથી થતી તકલીફને નિભાવી લેવાની ધ કેમ નહિ કેળવતા હોય? **એની કાંઇ સ પડતી નથી.**

સરોને, માસ્તરોને અને અગલદારોને ઝુકીઝુ
ને સલામ કરનારાઓને સંસારના ત્યાગી મુ
વરોને હાથ જોડતાં કેમ શરમ આવતી હશે
એની કાંઇ સમજ પડતી નથી.

૨૬. **અલ્પકાલીન** અને અશાશ્વત સ્વરા
અપાવનારાના સન્માનમાં ખુશ થનારાને સંપ
અને શાશ્વત આત્મરાજ્ય અપાવનારા મુનિ
જોનું થતું સન્માન કેમ ખુંચતું હશે? **એ**
કાંઇ સમજ પડતી નથી.

૨૭. બેરીસ્ટરની, ડૉકટરની અને અ
સી. એસ. આદિની પરીક્ષામાં ઉત્તીર્ણ થએ
ઓના, તેમજ ઉદ્યોગ માટે પરદેશ જનાર
સન્માનમાં ટીપાર્ટીઓ આપનારાઓ, ધા
જમણનો વિરોધ કરતાં કેમ કાંઇ ન્યાય અ
યનો વિચાર નહિ કરતા હોય? **એની** કાં
સમજ પડતી નથી.

તથા "ભાવતું હતું અને વૈદ્યે કહ્યું." એ કહેવતોને ચરિતાર્થ કરવાની ઉમદા તક હમે પ્રાપ્ત થઈ છે એમ સાચી વાત કેમ નહિ કહે હોય ? **એની કાંઈ સમજ પડતી નથી.**

૩૦. **માત્ર** અલ્પકાલીન શારીરિક આરો ગ્યતા અર્પણ કરનારા વિશાળ સેનીટેરીયમો મોટી મોટી હોસ્પીટલો, તથા કેવળ ઇહલોકે પયોગી કેળવણી માટે મોટી હાઇસ્કૂલો અ કોલેજો ખડી કરનારાઓને શાશ્વતશાન્તિ, આત્ આરોગ્યતા અને સમ્યગ્જ્ઞાન બક્ષનાર, વીત રાગ ભગવાનના ગગનચુંબી જિનાલયો ત અન્ય આલીશાન ધર્મસ્થાનો શા માટે ખટક હશે ? **એની કાંઈ સમજ પડતી નથી.**

૩૧. **સંઘ**, ઉદ્યાપન, ઉપધાન અને અષ્ટ ન્હિકા મહોત્સવો આદિ વીતરાગકથિત એકાન હિતકર ધર્મક્રિયાઓમાં વપરાતી લક્ષ્મી

ાટા થાય છે એમ બોલનારાઓને બાજીલા
ાવા કે અથાણું કહેવા, સુધારક કહેવા કે બગાડક
ાવા એની કાંઇ સમજ પડતી નથી.

૩૨. બજાર તમામ વસ્તુ ખરીદતી વખતે
ાં સારી અને આ ખરાબ એમ બે વિભાગો
ાડી દુકાને દુકાને ભટકી સારી વસ્તુને જ
ારીદ કરવાના આગ્રહવાળા બધાં ધર્મો સરખાં
ા એવો ખીચડો શા માટે બાફતા હશે?
એની કાંઇ સમજ પડતી નથી.

૩૩. સરકારના ગુન્હા બદલ વર્ષો સુધી
જેલની ચાર દિવાલ વચ્ચે તથા લકવા આદિની
બીમારીના કારણે ઘરના એકાદ ખૂણામાં ગોંધાઇ
રહેનારાઓ, માત્ર બાર અગર ચોવીશ કલાકની
મર્યાદાવાલા પૌષધ વ્રત માટે ઉપાશ્રયમાં આવતા
કેમ અકળાતા હશે? એની કાંઈ સમજ
પડતી નથી.

૩૫. ખાવાના, પીવાના, ઓઢવાના,
ાના, ઘરેણાંગાંઠાના, ઘરના અને સ્ત્રી
રિવારના રોજના રોજ ઓના ઓ વગર
ાને સંસર્ગથી નહિ કંટાળનારા વી
ાગવાને ફરમાવેલી રોજની આવશ્યક
ોાથી કેમ કંટાળી જતા હશે? **એની
સમજ પડતી નથી.**

૩૬. વટના ખાતર એક ઘંટીના
માટે કોર્ટની દેવડીએ ચઢી હજારો રૂ

રણાદી કરનારા, ધર્મની ટીપોમાં આપવાના
મયે આજકાલ સમય ઘણો બારીક આવ્યો
એમ શું જોઇને બોલતા હશે ? એની
ાંઈ સમજ પડતી નથી.

૩૭. અઢાર પાપસ્થાનકોને સેવી ભેગી કરેલી
ક્ષ્મીનો શુભ ખાતામાં વ્યય કરવાને બદલે
. લક્ષ્મીના ભોગવટા માટે અને પોતાનું નામ
ાણવા માટે પારકાના પુત્રને ગોદે (દત્તક)
ાવી અજ્ઞાની આત્માઓ આ ભવમાં અને
ારભવમાં શા માટે ગોદા ખાતા હશે ? એની
ાંઇ સમજ પડતી નથી.

૩૮. સ્વનિંદા સાંભળી ઊંચાનીચા થઇ
જનારા, પારકાની પેટ ભરીને નિંદા કરતા
ેમ કાંઇ પણ વિચાર નહી કરતા હોય ?
એની કાંઇ સમજ પડતી નથી.

૩૯. કોઇ એક ગરીબ ડોસીનો છોકરો

માંદો પડે ત્યારે તેની સારસંભાળ
બીલ્કુલ બેદરકાર રહેનારા, જ્યાં બેસવાને ર
નથી, આવો એવો આવકાર નથી, શાન્તિ પક
અને દૂર હઠો એવા વારંવાર પોકાર થ
હોય એવા ધનાઢ્યના ઘરમાં કોઇ માંદું પડ
દોડ્યા દોડ્યા કયા હેતુથી જતા હશે? એન
કાંઇ સમજ પડતી નથી.

૪૦. **પોતે** રામચંદ્રજી બનવા માટે બીલ
કુલ બેદરકાર રહેનારા પોતાની સ્ત્રીને સીતાજી
બનાવવા માટેની હોંશ શું જોઇને રાખતા
હશે? **એની કાંઈ સમજ પડતી નથી.**

૪૧. **પોતાના** વડીલોની આજ્ઞાની અવગ-
ણના કરનારા પોતાના અનુયાયીઓ પાસે
પોતાની આજ્ઞા મનાવવાના કોડ શું જોઇને
સેવતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

૪૨. પોતાના અઢારે વાંકા અંગોને નહિ
ખી શકનારા અન્યના એકાદ બે વાંકા અંગો
ખવાનો બાલીશ પ્રયત્ન શા માટે કરતા હશે
એની કાંઇ સમજ પડતી નથી.

૪૩. ઝવેરીની દુકાને શીકુંગરચું ન
જ મળે એમ જાણનારા વીતરાગના દરબાર
જઇ વાડી, ગાડી અને લાડી આદિ તુ
વસ્તુઓની માગણી કરતા કેમ જરા
વિચાર નહિ કરતા હોય? એની
સમજ પડતી નથી.

૪૪. હું પાપી છું, હું અધર્મી છું
નીચ છું. એમ ભગવાન સમક્ષ ગુન્હાની
લાત કર્યા પછી દહેરાસરથી બહાર નીક
રાને કોઇક તે જ વિશેષણોથી નવાજે તો
સાથે ઝઘડો કરી બેસનારની ભગવાન

કરેલી ગુન્હાઓની કબૂલાત પોલી કે
સમજવી ? **એની કાંઇ સમજ પડતી ન**

૪૫. એક જ ભાવ(one rate)ના
પાટીયા લગાડનારા વ્યાપારીઓ, ઘરાક
અનેક ભાવો કરતી વખતે, તે પાટીયાના
ણની કિંમતને ધોકો પહોંચશે, એનો
કેમ નહિ કરતા હોય ? **એની કાંઇ સ**
પડતી નથી.

૪૬. એરોપ્લેઇન, ટ્રેઇન અને સ્ટીમ
મુસાફરી કરતા પહેલા, વિમાન પડી જશે
ટ્રેઇનનો કોઇ એકસીડન્ટ થશે તો, અને સ્ટ
દરીયાઇ તોફાનમાં ડુબકી મારશે તો મરી જ
એવી જરા પણ શંકા વગર હોંશભેર તે
મુસાફરીઓ કરનારા જ્યારે ધર્મની પ્રતિ
ગ્રહણ કરવાની વાત આવે તે વખતે કા

પ્રતિજ્ઞા તૂટી જશે તો? એમ કહી સુવા પડેલા
પ્રાણ શા માટે માંડતા હશે? એની કાંઈ
સમજ પડતી નથી.

૪૭. દાદર ઉપર ચઢતા ઉતરતાં છોકરાઓ અનેક વખત પડી જવા છતાં, દાદરને નહિ ઢાવનારાઓ, ધર્મથી પડી જવાના ભયથી, ધર્મને ઉડાવી દેવાની ગાંડી અને વજ્રમાંગી સલાહ શું જોઈને આપતા હશે? એની કાંઈ સમજ પડતી નથી

૪૮ જે જે ધંધામાં પોતે નિષ્ણાત (expert) નથી તે તે ધંધામાં માથું નહિ મારવામાં ડહાપણ સમજનારા, ધર્મનો એક અક્ષર પણ નહિ જાણવા છતાં ધર્મ સિદ્ધાન્તમાં સલાહ આપવાનું દોઢ ડહાપણ શા માટે કરતા હશે? એની કાંઈ સમજ પડતી નથી.

પોતાના માંદા પુત્રને સાજો કરવાની શરતે તેમને બારોબાર કેસર ચઢાવવાની માન્યતા રાખનારા તેમને ભગવાન તરીકે માને છે કે, વૈદ્યરાજ તરીકે માને છે? **એની કાંઇ સમજ પડતી નથી.**

પર. ભદ્રિક આત્માઓની ધર્મક્રિયામાં થતી સ્ખલના અગર અવિધિને નીહાળી, તેની ટીકા કરનારા કૃમો બીલકુલ કરતા નથી, તેના કરતા કરનારા લાખ દરજ્જે સારા છે, એટલું પણ કેમ નહિ સમજી શકતા હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

પ૩. પુત્રપરિવાર વિનાનો કોઇ ધનવાન પોતાની લક્ષ્મી ધર્મકાર્યોમાં નહિ ખર્ચે, તો લોકો કહેશે કે, સાલાને કોઇ ખાનાર નથી છતાં રાતી પાઇ પણ ખરચતો નથી. તેનો તે માણસ ધર્મઉપદેશ પામીને ખરચવા તૈયાર

થાય તો લોકો કહેશે કે, કોઇ ખાનાર
અને ખર્ચે એમાં શી ધાડ મારી ? આમ
બાજુ ઢોલકી પીટનારી દુનિયાને એક
કહેવી કે દોરંગી કહેવી ? **એની કાંઇ**
પડતી નથી.

૫૪. **પોતાના** કપાળ ઉપરનો ચાંલ્લો જે
અને જે જગ્યાએ જોઈએ તેવો જો ન આ
તો દશ વખત ભૂસી નાંખી દશ વખત કરવા
જતા સમયની દરકાર નહિ કરનારા, ભગવાન
પૂજામાં ઉતાવળ કરી Time is mon
કહી ઝટ ભાગી જનારા, પોતાના કપાલ પૂજા
મહત્તા સમજ્યા છે કે ભગવાનની પૂજા
મહત્તા સમજ્યા છે ? **એની કાંઈ સમ**
પડતી નથી.

૫૫. **એક** આસને અને વાંકી કમ્મરે સા
દિવસ દુનિયાની અનેકવિધ ક્રિયાઓ કરનાર

...ને ૪૮ મીનિટનું સામાયિક કરતી વેળા ...મરનો દુઃખાવો ક્યાંથી હાજર થઇ જતો ...? **એની કાંઇ સમજ પડતી નથી.**

૫૬. જે જે સંસ્થામાં અગર ખાતાઓમાં ...મને પૈસા ખરચવાની આવશ્યકતા નહિ ...ણાતી હોય ત્યાં ભલે તેઓ નહિ આપે, ...રન્તુ જ્યાં તેમને વધુ લાભ જણાતો હોય ...યાં આપવા માટે પોતાની નાણા કોથળીનું મોં ...મુક્લું મૂકવાની ઉદારતા કેમ નહિ બતાવતા ...હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

૫૭. પોતાના પુત્ર, ભત્રીજા અગર ભાણેજ ...આદિ પ્રત્યે સખત કડકાઇ રાખી તેમની સામાન્ય પણ સગવડ નહિ સાચવી લેનારા વડીલો, ...જ્યારે તેઓ નાસી જાય છે ત્યારે ભાઇ તું ...જ્યાં હોય ત્યાંથી આવી જજે, હવે હમો તું

કહેશે તેમ કરીશું આવી જાહેર ખબરના પૈ
ખરચનારા તથા શોધી આપનારને ઇનામ
નારા, સોના સાઠ શા માટે કરતા હશે ? એ
કાંઇ સમજ પડતી નથી.

કક્કાવાર વચનામૃતો

૧. કરમને જરા પણ શરમ નથી.
છોડશે પણ પાપ નહિ છોડે માટે જીવન
પાપને તિલાંજલિ આપી પુણ્યનો સંચય

૨. ખટપટમાં અને લટપટમાં જ જી
પસાર કરી જગતમા અશાન્તિનું સામ્રાજ્ય
વવાનો પ્રયત્ન કરનારાઓ પોતે જ
જીવનમાં અશાન્તિને નોતરી રહ્યા છે.

૩. ગર્ભની અનન્ત અને અસહ્ય

ન્ત લાવવો હોય તો સુદેવ, સુગુરુ અને
ધર્મની સેવામાં સદા સજ્જ રહો.

૪. ઘરબારને છોડ્યા સિવાય પ્રભુદરબારમાં
ખલ થવું અતિ દુર્લભ છે.

૫. ચતુર નરો પણ કર્મવિવશ બની પોતાની
રજોથી ચૂકી જાય એ સ્વાભાવિક છે.

૬. છતી શક્તિએ તપ, જપ, જ્ઞાન અને
યાનને નહિ આચરનારાઓ ભગવાનની
માજ્ઞાના ચોર બને છે.

૭. જર, જમીન અને જોરૂ એ ત્રણ કજી-
યાનાં છોરૂ. આ ત્રણ વસ્તુ ઉપરથી પ્રાણીઓનો
મોહ ઉતરી જાય તો કોર્ટ, કચેરી અને વકીલોની
કાંઇ જ જરૂર રહેતી નથી.

૮. ઝરામાં વહેતું નિર્મળ પાણી માત્ર
શરીરના મેલને સાફ કરે છે, જ્યારે વીતરાગ

૧૨. ઢબ્બુના નફા માટે ધર્મના સોગન ખાનારાઓએ ધર્મની કિમ્મત ઢબ્બુ જેટલી પણ કી હોય એમ શી રીતે મનાય ?

૧૩. ણમો આરહંતાણંનો જાપ સઘળાં પોનો નાશ કરે છે. સૌથી શ્રેષ્ઠ મંત્ર પણ જ છે.

૧૪. તમારી જાતને તમો શાન્તિમાં રાખવા ચ્છતા હો તો બીજાની શાન્તિને ઝુંટવી લેવાનો લીશ પ્રયત્ન કદી કરશો નહિ.

૧૫. થપ્પડ મારીને રાજી થવા કરતાં થપ્પડ ખાઇને રાજી રહેવામાં વધુ ડહાપણ છે.

૧૬. દયા અને દાન એ તો ઊર્ધ્વ ગમન રવા માટેની બે સુંદર પાંખો છે, પરન્તુ મ્યગ્જ્ઞાનની આંખો વિનાના પ્રાણીઓ તેને ાપી નાંખવાનો નિર્દય માર્ગ હાથ ધરે છે.

૧૭. ધનની જ પાછળ ગાંડા ઘેલા બને
માનવીઓ પાસે ધર્મની આશા રાખવી વ્યર્થ

૧૮. નશ્વર દેહની પાછળ તન, મન
ધનનો ભોગ આપનારાઓએ સદાને માટે
રહેવાવાલા આત્મા માટે પણ થોડા ઘણો
આપતા શીખવું જોઇએ.

૧૯. પરવશપણે હે ચેતન! તેં ભૂખ,
આદિ અનેક દુઃખો કયાં નથી સહ્યાં?
તને જરા પણ ફાયદો થયો નથી. હવે તો
જપ, ચારિત્ર આદિ કષ્ટોને સ્વવશપણે સહન
વાની સોનેરી તકને ખોટી રકઝકમાં ગુમાવ
નહિ.

૨૦. ફર્સ્ટ કલાસમાં સુખચેનથી મુસા
કરવાની ભાવનાવાળાને તે ટીકીટના ચાર્જ
સગવડ રાખવી પડે છે. તેમ પરભવમાં

હ્યબી મેળવવાની તમન્નાવાળાએ પુણ્ય કાર્યો
ારાધી લેવા માટે અનેક અગવડો વચ્ચે પણ
ગવડો ઊભી કરવા બનતું કરવું જોઇએ.

૨૧. બળજબરીથી પણ કરાવેલું ઔષધ-
ન રોગીના રોગને હણવા સમર્થ બને છે,
જ મુજબ કોઇ એક પ્રસંગે બળજબરીથી
રાવેલું ધર્મ અનુષ્ઠાન પણ ફાયદો ઉત્પન્ન
ર્યા વિના રહેતું નથી.

૨૨. ભક્તિ એ એક ધર્મનું અપૂર્વ અંગ
કે જેની ધૂન જ્ઞાનીને, અજ્ઞાનીને, શાણાને
ગર ગાંડાને સૌ કોઇને સંસારસમુદ્રથી પાર
રી દે છે.

૨૩. મરણ અને જન્મ નામના બે ભયં-
ર રોગોના ઓપરેશન કરવા માટેની " માનવ-

એમ કેમ કહેવાય ?

૧. સ્ત્રીની સગવડ ખાતર, નવ મહિના ર્ભમાં રાખી અસહ્ય વેદનાને સહન કરનાર ાતાને અગવડમાં મૂકનારો સપુત છે, એમ મ કહેવાય ?

૨. દુન્યવી સુખોની પ્રાપ્તિમાં અને તેના જ ભોગવટામાં માનવભવને વેડફી નાંખનારા તે ભવની દુર્લભતાને સમજ્યો છે. એમ કેમ કહેવાય ?

૩. એક પૈસા માટે ધર્મના સોગન ખાનારા ધર્મની કીંમત સમજ્યા છે. એમ કેમ કહેવાય ?

૪. સમસ્ત શાસ્ત્રના પારંગામી ગણાવા છતાં જેઓ પાપથી પાછા હઠવાનો પ્રયત્ન નથી કરતા તેઓ પંડિત છે. એમ કેમ કહેવાય ?

જિહ્વાનો સદુપયોગ કરી રહ્યા છે. એમ કહેવાય ?

૧૦. જે મનુષ્યો ગુણીઓના ગુણગાન ાનું શીખ્યા નથી તેઓના હૃદયમાં ગુણાનુ· ા બેઠો છે, એમ કેમ કહેવાય ?

૧૧. વૈભવવિલાસોની ગેરહાજરીમાં વૈભવોને હિ ભોગવનારા સાચા ત્યાગી છે. એમ કેમ હેવાય ?

૧૨. તાવની બીમારીમાં માત્ર મગના પાણી પર રહેનારા, માલ મીષ્ટાન્નના ત્યાગી છે, એમ મ કહેવાય ?

૧૩. પુણ્યોદયથી પ્રાપ્ત થએલી લક્ષ્મીનો ઓ સદુપયોગ કરી શકતા નથી. તેઓ પોતે લક્ષ્મીના માલીક છે. એમ કેમ કહેવાય ?

૧૪. જે વડીલો પોતાની સંતતિનું પર-

લોકમાં શું થશે ? તેનો જરા પણ ચિન્તા નથી તેઓ તેમના હિતસ્નાગીઓ છે. એમ કહેવાય ?

૧૫. સ્વ અને પરના હિતથી છતી થ નદ્દન બેદરકાર રહેનારા સુસાધુઓ છે.

રા, તે શિખામણોનો પોતે જરા પણ અમલ કરનારા સાચા ઉપદેશકો છે. **એમ કેમ** વાય?

આત્માની સાથે રહેલી જ્ઞાન, દર્શન અને રિત્રની શાશ્વત લક્ષ્મીને પ્રગટ કરવાને બદલે ચળ લક્ષ્મીની પાછળ ગાંડા ઘેલા થઇને ફર-ા બુદ્ધિશાલી છે. **એમ કેમ કહેવાય?**

૨૦. વૈરાગ્ય સાથે વેર રાખનાર, દેવ, ગુરુ ને ધર્મને હમ્બગ કહેનારા દહેરાસર અને ાશ્રયની આવશ્યકતાને નહિ સ્વીકારનારા પ્રભુ હાવીરના શાસનમાં છે. **એમ કેમ કહેવાય?**

૨૧. સાચવવા આપેલી રકમોને પણ ઓઇયાં ી જનારા સાહુકારો છે. **એમ કેમ** હેવાય?



એ. બી. સી. ડી. વાર સુવાકયે

રચના

1. Anger is a bitter enem
the soul.

ક્રોધ આત્માનો કટ્ટર શત્રુ છે.

2. Be kind, humble and h(

માયાળુ, નમ્ર અને પ્રમાણિક બને

3. Care more for virtues tha
money.

પૈસા કરતાં સદ્ગુણ પ્રાપ્ત કર
વધુ કાળજી રાખો.

4. Do
what yo
delay is (

8 Honesty is the best po
for all

પ્રમાણિકપણું એ સો માટે
સરસ યુક્તિ છે.

9. I shall never speak ill of an
body.

હું કોઇનું કદી બુરૂં બોલીશ નહિ
10. Jack of all but master of none

બધામાં જ માથું મારનારો કો
પણ વસ્તુમાં પૂરો હોંશિયાર બની શકતો નથી

11. Keep your heart as glossy &
white as diamond.

તમારા હૃદયને હીરા જેવું ચળકતું
અને સફેદ રાખો.

12. Learning is not for earning money only.

ભણતર માત્ર પૈસા કમાવવા માટે નથી.

13. Mind well that human life is the most precious of all.

સર્વ જિંદગીઓ કરતા મનુષ્ય જિંદગી બહુ કીમતી છે, એ ખાસ ધ્યાનમાં રાખજો.

14. No gain without pains.

ચાકરી વિના ભાખરી ગળતી નથી. અર્થાત્ દરેક કાર્યમાં ઉદ્યમની જરૂર છે.

15. Obedience alone gives right to command.

સ્વયં આજ્ઞાધીન રહેનારાઓને જ અન્ય ઉપર આજ્ઞા ચલાવવાનો હક રહે છે.

12. Learning is not for earning money only.

ભણતર માત્ર પૈસા કમાવવા માટે નથી.

13. Mind well that human life is the most precious of all.

સર્વ જિંદગીઓ કરતા મનુષ્ય જિંદગી બહુ કીંમતી છે, એ ખાસ ધ્યાનમાં રાખજો.

14. No gain without pains.

ચાકરી વિના ભાખરી મળતી નથી. અર્થાત્ દરેક કાર્યમાં ઉદ્યમની જરૂર છે.

15. Obedience alone gives right to command.

સ્વયં આજ્ઞાધીન રહેનારાઓને જ અન્ય ઉપર આજ્ઞા ચલાવવાનો હક રહે છે.

8 Honesty is the best poli[cy]
for all.

પ્રમાણિકપણું એ સૌ માટે સૌ[થી]
સરસ યુક્તિ છે.

9. I shall nover speak ill of any
body.

હું કોઇનું કદી બુરૂં બોલીશ નહિ

10. Jaok of all but master of non

બધામાં જ માથું મારનારો કે[ાઇ]
પણ વસ્તુમાં પૂરો હોંશિયાર બની શકતો ન[થી]

11. Keep your heart as glossy
white as diamond.

તમારા હૃદયને હીરા જેવું ચળ[કતું]
અને સફેદ રાખો.

20. Time and tide wait for nobody.

સમય અને ભરતી કોઇની વાટ જોતાં
થી.

21. Union is strength and divi-
ion is death.

સંપથી ઉન્નતિ છે, અને કુસંપથી
ાશ છે.

22. Virtuous men are worhsipped
everywhere.

સદ્ગુણી માણસો દરેક ઠેકાણે પૂજાય
છે, (સત્કારને પામે છે.)

23. What is my duty ? did you
ever think of it ?

મારી શી ફરજ છે ? તેનો તમે કંઈ
વિચાર કર્યો ?

24. X ray shows the bad p
of the body while Shastra shows
bad habits of the soul.

"એક્સરે" શરીરના ખરાબ અ
વયવોને બતાવે છે. જ્યારે શાસ્ત્ર આત્
કુટેવોને બતાવે છે.

25. You are safe and sound
you will never forget God.

જો તમો ઇશ્વરને ભૂલશો નહિ
તમો શાન્ત અને સહીસલામત છો.

26. Zeal and efforts are the
truments to succeed in every w

ઉત્સાહ અને પ્રયત્ન એ દરેક કા
સફળતા પ્રાપ્ત કરવા માટેના સાધનો છે.

એમાં ધર્મનો પ્રભાવ છે.

૧. અનેકોને આજે એક ટંક પૂરતું પણ ાનું મળતું નથી, જ્યારે મને ત્રણ ટંક ધારીને ખાવાનું મળે છે; એમાં ધર્મનો ાવ છે.

૨. કેટલાકોને પોતાની લાજ ઢાંકવા પૂરતો ડાનો ટુકડો પણ મળવો મુશ્કેલ છે, જ્યારે દરેક સીઝનમાં ફૂલ ડ્રેસમાં ફરું છું; એમાં ર્મનો પ્રભાવ છે.

૩. જગતમાં અનેક માનવીઓને પગે મુસા- રી કરવી પડે છે, જ્યારે મારે માટે ટાઇમ ટુ ાઇમ આંગણામાં મોટર આદિ વાહનો તૈયાર રહે છે; એમાં ધર્મનો પ્રભાવ છે.

૪. કેટલાકોને માગ્યું પાણી પણ મળતું ાથી, જ્યારે હું પાણી માંગું ત્યારે દૂધ મળી હે છે; એમાં ધર્મનો પ્રભાવ છે.

[illegible] કરવા શીખો

2 Only be clear about w
finally right, whether you can
or not and everyday you w
more and more able to do it,
[illegible] F

તા નુકશાનનો ભય છે તેટલો વિષયોના ભોગ
ટાથી આત્માને થતા ભયંકર નુકશાનનો લેશ
પણ ભય નથી.

૩૬. સમસ્ત દુઃખોનો ઉચ્છેદ કરનારી ધર્મ
દેશના પ્રાણીઓના ઉપર જે ઉપકાર કરે છે
ઉપકાર બીજા કોઇથી થાય એમ નથી.

૩૭. રાજદંડના ભયથી જે પાપ આચર
નથી તે અધમ જન છે. પરલોકના ભય
પાપને નહિ કરનારો મધ્યમ છે. પણ
સ્વભાવથી જ પાપને આચરતો નથી તે ઉ
પુરુષ છે.

૩૮. અર્થ (પૈસા) અને કામમાં મશ
બનેલી દુનિયાને અર્થ અને કામનો ઉ
આપવો તે ડૂબતા પ્રાણીના ગળામાં પ
શિલા બાંધવા જેવું છે.

૩૯. અનાદિકાળથી અનંત દોષોથી વાસિત ત્માઓમાં જે કાંઇ ગુણો માલમ પડે છે તેને ા આશ્ચર્ય સમજો. અવગુણોની કાંઇ નવી- ા નથી.

૪૦. બુદ્ધિનો સદુપયોગ અને દુરુપયોગ એ ત્તમતા અને અધમતાનું માપક યંત્ર છે.

૪૧. જન્મ કયાં થવો ? શરીર કેવું મળવું ? એ વગેરે આપણા હાથની વાત ન હતી. જેવાં ર્મ કર્યા તેવી સામગ્રી મળી ગઇ, પણ હવે કેવા થવું એ આપણા હાથની વાત છે.

૪૨. શારીરિક વ્યાધિઓને દૂર કરનારા વૈદ્યની આજ્ઞાને ખુશીથી વધાવી લેનારાઓએ જન્મ મરણના રોગથી પીડાતા આત્માને તે રોગોથી એકાન્તે મુક્ત કરનારી દેવ ધર્મ અને ગુરુની આજ્ઞાને શિરસાવંદ્ય કરવામાં જરા પણ આનાકાની ઘટે જ નહિ.

૫૫. દુર્ગતિમાં પડતા પ્રાણીને બચાવી ગતિમાં સ્થાપન કરે તેનું નામ ધર્મ.

૫૬. જેમ શરીરને ટકાવવા માટે અન્નની રૂર છે તેમ આત્માની ઉન્નતિના કારણભૂત ધ્યાત્મ જીવનને ટકાવવા માટે ધર્મની તેથી ધુ જરૂરીયાત છે.

૫૭. અનાદિકાળથી જન્મ મરણના કારમા ોગોથી પીડાતા આત્માને તે રોગોથી મુક્ત કરવો એ જ મનુષ્યભવથી આરાધવા લાયક સૌથી શ્રેષ્ઠ કર્તવ્ય છે.

૫૮. વિશાળ જિનચૈત્યો અને અનુપમ જૈન તીર્થો એ જ વિશ્વના સાચા સેનેટેરીયમો, લેબોરેટરીયો અને ભાવરોગ મટાડનારી સાચી હોસ્પીટલો છે.

... વિજ્ઞાનમાં અને વૈભવવિલાસમાં આગળ

વધેલી દુનિયા એ વાસ્તવિક આગળ વધેલી નથી
પરન્તુ આત્મવાદને પીછાણી ધર્મમાં આગ
વધેલી દુનિયા પઠિત મૂર્ખોની દૃષ્ટિએ પાછ
ગણાતી હોવા છતાં વાસ્તવિક એ જ આગ
વધેલી છે.

૯૦. અર્થ અને કામની ઉન્નતિ એ સાચ
ઉન્નતિ નથી પરન્તુ અવનતિ છે. આત્મા
ઉન્નતિ એ જ સાચી ઉન્નતિ છે.

૯૧. જે પુરુષોના ધર્મ વિનાના દિવ
આવે છે અને જાય છે તે લુવારની ધમણ
માફક શ્વાસ લેવા છતાં મરેલા જેવા જ છે.

૯૨. શરીર અનિત્ય છે, વૈભવવિલા
હંમેશાં સ્થિર રહેનારા નથી તેમ જ મૃત્યુ દિ
પ્રતિદિન નજીક આવતું જાય છે. આ ચ
ચોઇંટો જેના હૃદય પર કોતરાઈ ગયા છે, તેઓ
ધર્મનો સંગ્રહ સહેલાઈથી કરી શકે છે.

માનવભવનું આયુષ્ય ક્ષય થઇ જાય છે તે માટે પશ્ચાત્તાપ કોઇ વીરલાઓ જ કરે છે.

૬૬. **ધર્મ** વિનાનો ધનવાન એ જ સાચો કંગાળ છે, અને ધર્મી દરિદ્રી હોવા છતાં સાચો શ્રીમાન્ છે.

૬૭. **પરોપકાર** રસિકતા, સૌ કોઇના હિત ની જ ચિંતા, ઇર્ષ્યા, વિશ્વાસઘાત, અન્યાય અનીતિ, માયાપ્રપંચ આદિ દુર્ગુણોનો ત્યા એ માણસાઇને બતાવનારા માપક યંત્રો છે

૬૮. **ત્રણે** જગતમાં વિના કોર્ટ કચેરી અને વિના વકીલ બેરીસ્ટરે એકધારું નિષ્ક અને ધમધોકાર કોઇનું રાજ્ય ચાલતું હ તો તે એક માત્ર કર્મસત્તાનું જ ચાલે છે.

૬૯. **ધર્મ**સત્તા અને રાજ્યસત્તાને પા પાનારા નરસિંહો કર્મસત્તાની ગર્જના આ

રી સેવા બની જઇ તેની સઘળી આજ્ઞાઓ
ત્યાગ વધાવી લે છે.

૭૦. નાસ્તિકોને દરેકોઇ પરંતુ કરતાં સાચી
ને સચોટ શ્રદ્ધા જો કોઇ વસ્તુમાં હોય તો
માત્ર મરણમાં જ છે.

૭૧. જમીનમાં રહેલ બીજ ગુપ્ત હોવા
તાં બહાર નીકળેલા અંકુરાથી તેનું અસ્તિત્વ
સિદ્ધ થાય છે, તેમ સુખ અને દુઃખરૂપ
અંકુરાઓથી પુણ્ય અને પાપની હયાતિ પણ
પ્રમાણિત થઇ શકે છે.

૭૨. દિવસના અંધાપાથી પીડાતા ઘુવડો
સૂર્યના અસ્તિત્વને કબૂલે નહિ તેમ મિથ્યાત્વ-
રૂપ અંધાપાથી પીડાતા આત્માઓ ધર્મ અને
[illegible] અસ્તિત્વનો ઇન્કાર કરે તો તેમાં

૭૩ રેશનીંગના કારણે સડેલા અને કચરાવાળા અનાજને જો છોડી દેવામાં આવે તો મરણને આધીન થવું પડે છે. તેમ કલિકાળના કારણે દૂષણ અને સામાન્ય સ્ખલનાવાળા સાધુ જીવનની સુંદર સંગતને છોડી દેનારાઓનું અધ્યાત્મ જ્ઞાન પણ નષ્ટ ભ્રષ્ટ થયા વિના રહેતું નથી

૭૪. પરલોક નથી એમ માનીને પણ સદાચારનું સેવન કરનારાઓને કશું જ નુકસાન નથી. કદાચ પરલોક ન નીકળ્યો તો સદાચારીને કાંઇ જ ગુમાવવાનું નથી. અને જો પરલોક નીકળ્યો તો બાર તો દુરાચારીને જ વાગવાના છે.

૭૫. જ્ઞાન આત્મામાં રહેલા કર્મ કચરા બતાવનાર સુંદર દીપક છે. જ્યારે ક્રિયા કચરાને કાઢનારી એક સાવરણી છે. ક્રિયારૂપ સાવરણીનો ઉપયોગ કર્યા વિના દિવાની નાખ

૧૦૨. પ્રથમ તીર્થંકર આદીશ્વર ભગવાનને જે કર્મસત્તાએ બાર મહિના સુધી આહારમાં અંતરાય નાંખ્યો, તે કર્મસત્તા કોઇને નહિ છોડે

૧૦૩. જે કર્મસત્તાએ પ્રભુ મહાવીરને સાડાબાર વર્ષ સુધી ઘોર દુઃખો આપ્યાં, કર્મસત્તા અન્યને કેમ છોડશે ?

૧૦૪. એક જ દિવસે સાઠ હજાર પુત્રો મરણથી છ ખંડના માલીક સગર ચક્રવર્તી જે સત્તાએ શોક-સંતાપની ગહરી ખાઈ ધકેલી દીધા, તે કર્મસત્તા બીજાને કેમ છોડશે

૧૦૫. બત્રીશ હજાર મુકુટબદ્ધ રાજા જેની સેવા ઉઠાવે છે એવા સનત્કુમાર ચક્રવર્તી જે કર્મસત્તાએ એકી સાથે સોળ રોગોથી દ લીધા, તે કર્મસત્તા કોઈને નહિ છોડે.

૧૦૬ રાવણ જેવા સમર્થ રાજવીની.

૧૧૧. સત્યવાદી શ્રી હરિશ્ચંદ્ર મહારાજાને
જે કર્મસત્તાએ તારામતી રાણીનો વિયોગ
કરાવી, નીચ ઘેર પાણી ભરાવ્યાં, તે કર્મસત્તાને
વિવેકીજનોએ વિચાર કરવો જરૂરી છે.

૧૧૨. દધિવાહન રાજાની પુત્રી ચંદન
બાળાને કર્મસત્તાના જુલ્મથી પશુની પેઠે
ચોટામાં વેચાવું પડ્યું તે સત્તા કોઈને કેમ છોડે

૧૧૩. ક્ષાયિક સમકિતના ધણી અને પ્રભુ
મહાવીરના અનન્ય ભક્ત મહારાજા શ્રેણિકને
જે કર્મસત્તાએ મહેલની સહેલને છોડાવી જેલમ
પટકી, રોજ પોતાના પુત્ર કોણિક પાસે પચાર

ત્યારે તું શું કરીશ ?

…માન માનવ !

…રીર રોગોથી ઘેરાઈ જશે, વ્હાલાઓના …ા અફળ થશે, વૈદ્ય ડૉકટરો પોતાના છેલ્લા …ા અજમાવી હાથ ખંખેરશે અને સૌ સ્નેહી… ગમગીન બનશે, ત્યારે તું શું કરીશ ? …ા ઘુંટાશે, નાડીના ધબકારા જુદા હશે, અનેરા જ ભણકારા વાગતા હશે અને દશે …ામાં નાખી નજર નહિ પહોંચે ત્યારે તું … કરીશ ? પાપ પોટલા બાંધી પેદા કરેલા …સા, બંગલા, મોટર, બગીચા અને કારખાનાઓ… … પલકમાં સદાને માટે જુદા પડવાનો અવસર …ાવી લાગશે ત્યારે તું શું કરીશ ?

પ્રાણથી વ્હાલી મનાતી પ્રમદા, અને

ત્યારે તું શું કરીશ ?

બુદ્ધિમાન માનવ !

શરીર રોગોથી ઘેરાઈ જશે, વ્હાલાઓના ઉપાયો અફળ થશે, વૈદ ડૉકટરો પોતાના છેલ્લા ઉપાયો અજમાવી હાથ ખંખેરશે અને સૌ સ્નેહીઓ ગમગીન બનશે, **ત્યારે તું શું કરીશ ?** શ્વાસ ઘુંટાશે, નાડીના ધબકારા જુદા હશે, કોઈ અનેરા જ ભણકારા વાગતા હશે અને દશે દિશામાં નાખી નજર નહિ પહોંચે **ત્યારે તું શું કરીશ ?** પાપ પોટલા બાંધી પેદા કરેલા પૈસા, બંગલા, મોટર, બગીચા અને કારખાનાઓથી પલકમાં સદાને માટે જુદા પડવાનો અવસર આવી લાગશે **ત્યારે તું શું કરીશ ?**

પ્રાણથી વ્હાલી મનાતી પ્રમદા, અને

ળધું દુનિયામાં રોજ નજરે જોવાય
માં છવોની આવી સ્થિતિ બનતી
ામાં આવે છે. જુવાનીના જોરમાં
વાનપણાની મદાંધતામાં મહાલતાના
થતા નજરે જોવાય છે.

આ દશા નહિ જ આવે એવા ભરોસે
રહેતો ? વિષમ અવસ્થા વખતે
આવે, પોકાર ન કરવા પડે અને
પણ શાન્તિ અનુભવાય એ માટે
કાંઇક વિચાર કરી લે. પાણી પહેલાં
નાર સમજદાર ગણાય. પાળ બાંધી
પાણી ભરાયું, તળાવ ફાટયું અને
બાજુ વહેવા માંડ્યા તે વખતે પાળ
ય. ધાર્યું મનમાં રહી જશે, મનો-
માં મળી જશે અને આશા નિરાશામાં
શે તે વખતે પસ્તાવાનો પાર નહિ
સારી અવસ્થામાં મળેલી શક્તિઓનો

ક્રોધે ચઢેલા ક્રોધીને, દીજે નહિ ઉપદેશ;
તેલ તપે જળ છાંટતાં, સળગી ઉઠે અશેષ.

પરણીને ઘર માંડતા, સદા સહનતા તાક;
પરણ્યા પહેલા પોંખતા, સાસુ તાણે નાક.

ગાળો સહન કરીયે સદા, ગાળે ગુમડાં ન થાય;
જે ગમાર જન ગાળ દે, મુખ તેનું ગંધાય.

જીવન જોબન રાજમદ, અવિચલ રહે ન કોય;
જો દિન જાય સત્સંગમેં, જીવનકા ફળ સોય.

મન વિનાના પ્રેમમાં, મઝા ન આવે લેશ;
લૂણ વિનાની રસવતી, ખાતા ન આવે ટેશ.

ભાગ્યહીનકો નહિ મીલે, ભલી વસ્તુકા જોગ;
દ્રાક્ષ પાક જબ હોત હૈ, હોત કાક ચંચુમે રોગ.

સ્ત્રી પીયર નર સાસરે, સાધુજી સ્થિર વાસ;
એ ત્રણુ હોય અળખામણા, જો માંડ સ્થિર વાસ.

કર્ણ સાધન માનજો, સદ્બોધ સાંભળવા;
[1]ચર્ણની બક્ષીસ છે, સન્માર્ગ પર વળવા. ૧૩૦
હાથનું ભૂષણ સદા, સત્કર્મ તેગજ દાન છે;
જેણે ધર્યો નહિ ધર્મ, તે માનવ નહિ હેવાન છે. ૧૩૧
જેના હૃદયમાં ના વસી, શુભ ધર્મકેરી લાગણી;
એવા કપુતને જન્મદેતાં, રહેજે જનેતા વાંઝણી. ૧૩૨
લોક લાજ માયા તજી, તજયો સિંહાસન રાજ;
એક પ્રકૃતિ ના તજી, તેથી ભયો અકાજ. ૧૩૩
ધન દેકર તન રાખીએ, તન દઇ રાખો લાજ;
તન ધન દોનો દીજીયે, એક ધર્મકે કાજ. ૧૩૪

પગ તળે બળે છે એ કયારે જોશો ?

હંમેશ રાત્રિભોજનને કરનારા, કંદમૂળ, વાસીભોજન, અને દ્વિદળ આદિ અભક્ષ્ય

૧. પગ.

અલનાઓને (ભૂલોને) નિહાળી તેમની પેટ
ઈને નિંદા કરી અને તેમને જગતમાં હલકા
ાડવાની અયોગ્ય કાર્યવાહી કરનારાઓ પોતાના
જીવનમાં ઘર કરી બેઠેલી આદતોને ક્યારે
તિલાંજલિ આપશે ? અથવા તો પગ તળે બળે
છે એ ક્યારે જોતા શીખશે ?

આટલું તો જરૂર વાંચો.

---

૧. સાતે વ્યસનનો ત્યાગ કરજો પણ દાન
દેવાના વ્યસનને કદી છોડશો નહિ.

૨. બધાનો લોભ છોડજો પણ ધર્મના લોભી
તો જરૂર બનજો.

૩. કોઇથી ડરશો નહિ પણ અપકૃત્યથી
તો ડરતા રહેજો.

આત્માઓ તરફથી થતા તોફાનને નભાવ લેવામાં જેમ ડહાપણ મનાય છે, અને મનાવું છે તે જ મુજબ જ્ઞાનમાં શાંતિ કરવા માટે સંસાર છોડી જનારાની પાછળ અજ્ઞાનીઓ તરફથી અગર તેમના લાગતાવળગતા સ્નેહી જનો તરફથી થતા તોફાનને અને રડાકૂટને નભાવી લેવામાં પણ તેનાથી વધુ ડહાપણ મનાવું જોઇએ.

૬. સ્વરાજ્યની ચળવળનો લાભ લઇ કેટલાક સ્વાર્થસાધુ મનુષ્યોએ આર્થિક લાભ ઉઠાવી લેવા સાથ, અસભ્ય વર્તનનું પણ આચરણ કરેલ સંભળાય છે. તેમ છતાં શુભ ઇરાદાથી ઉઠાવેલી તે ચળવળને દુષિત ઠરાવવાનો પ્રયત્ન થયો નથી. તે જ મુજબ ધર્મના બ્હાને કેટલાક સ્વચ્છંદી આત્માઓ અસભ્ય વર્તન ચલાવે તેથી કાંઇ ધર્મ સંસ્થા અગર તો નિઃસ્વાર્થ

૫. શૂળીને સિંહાસનના રૂપમાં, સર્પને પુષ્પમાળાના રૂપમાં અને અગ્નિને પાણીના રૂપમાં પલટો ખવડાવનાર જો કોઇ મંત્ર-તંત્ર અગર તો પરમ ઔષધ હોય તો તે માત્ર એક બ્રહ્મચર્ય જ છે.

૬. દેવ, દાનવ, ગંધર્વ અને કિન્નર આદિ પરમ શક્તિસંપન્ન દેવોને પણ પગમાં ઝુકાવનાર તથા દાસત્વ સ્વીકારી ખમા ખમા કરાવનાર કોઇપણ જબરજસ્ત કીમિયો હોય તો તે બ્રહ્મચર્ય જ છે.

૭. પાંચ મહાવ્રતોમાં જો કોઇ વ્રતે સમુદ્રની ઉપમા પ્રાપ્ત કરી હોય તો તે માત્ર બ્રહ્મચર્ય નામના ચોથા વ્રતે જ પ્રાપ્ત કરી છે.

૮. જગતમાં સિંહ અને હાથીઓનો ચૂરો કરનારા નિર્દય તથા નામધારી બહાદુરો અનેક મળી રહેશે, પરંતુ કામદેવનો ચૂરો કરનારા

રાક જ નિરસા હશે, માટે જ તે વર્તન ગોલણાલા છે.

૯. સ્રીના સંભોગથી જે માનવીઓ કામ જ્વરને શાંત કરવા ઇચ્છે છે, તેઓ અગ્નિને બુઝાવવા માટે તેમાં ઘીની આહુતી આપવાની ગાંડી ચેષ્ટા કરી રહ્યા છે.

૧૦. વિષયોના ભોગવટાથી વિષયોની શાંતિ થાય છે, એ માન્યતા ભૂલભરેલી છે. વિષયોનો ભોગવટો તો દિન પ્રતિદિન વિષયો પ્રત્યેની ઇચ્છાને ઉત્તેજિત કરે છે. વિષયોનો જીવનમાંથી સદંતર ત્યાગ એ જ વિષયોની તૃપ્તિનો રામબાણ ઈલાજ છે.

૧૧. અગ્નિથી ધગધગતા સ્થંભને બાથ ભીડવી સારી, પરંતુ નરકની બારી સમ પરસ્રીનો સમાગમ અને સ્રીઓ માટે પરપુરુષોનો સંયોગ અત્યંત દુઃખદાયી છે.

૧૨. ક્ષણિક સુખોને આપનારા અને શરૂ-
તમાં જ માત્ર સુંદર, પરંતુ પરિણામે અત્યંત
દુષ્ટ વિપાકને આપનાર અબ્રહ્મને સુજ્ઞ માણ-
સોએ પહેલી તકે તિલાંજલી આપવાની જરૂર છે.

૧૩. જે માનવીઓના હૃદયમાં સ્ત્રીઓએ
પગપેસારો કર્યો તેના હૃદયમાંથી મનોહર
ગુણોનો સમુહ તરત જ વિદાયગીરી માંગી લે છે.

૧૪. ધારેલી ધારણા પાર લાવનાર, મંત્ર-
તંત્રને ફલિભૂત કરનાર, જગતમાં જશનો ડંકો
બજાવનાર અને દેવના સાનિધ્યને પ્રાપ્ત કરાવનાર
જો કોઇ હોય તો તે માત્ર એક બ્રહ્મચર્ય જ છે.

૧૫. મનમાં કાંઇ, વચનમાં કાંઇ અને
ક્યામાં કાંઇ એવી પરસ્ત્રી શી રીતે સુખના
માટે થાય? એ ડાહ્યા માણસોએ વિચારવા જેવું છે.

૧૬. સોનાના દહેરાસરને બંધાવનારના

[illegible]

૧૦. વિષયોના ભોગવવાથી વિષયોની શાંતિ થાય છે, એ માન્યતા ભૂલભરેલી છે. વિષયોના ભોગવટો તો દિન પ્રતિદિન વિષયો પ્રત્યેની તૃષ્ણાને ઉત્તેજિત કરે છે. વિષયોના સેવનમાંથી સર્વ ત્યાગ એ જ વિષયોની તૃષ્ણાના શમનનો ઉપાય છે.

૧૧. અગ્નિથી ધગધગતા સ્તંભને બાથ ભીડવી સારી, પરંતુ નરકની બારી સમ પરસ્ત્રીનો સમાગમ અને સ્ત્રીઓ માટે પરપુરુષોનો સંગ અત્યંત દુઃખદાયી છે.

૧૨. ક્ષણિક સુખોને આપનારા અને શરૂઆતમાં જ માત્ર સુંદર, પરંતુ પરિણામે અત્યંત દારુણ વિપાકને આપનાર અબ્રહ્મને સુજ્ઞ માણસોએ પહેલી તકે તિલાંજલી આપવાની જરૂર છે.

૧૩. જે માનવીઓના હૃદયમાં સ્ત્રીઓએ પેસારો કર્યો તેના હૃદયમાંથી મનોહર ગુણોનો સમુહ તરત જ વિદાયગીરી માંગી લે છે.

૧૪. ધારેલી ધારણા બર લાવનાર, મંત્રતંત્રને ફલિભૂત કરનાર, જગતમાં જશનો ડંકો બજાવનાર અને દેવના સાનિધ્યને પ્રાપ્ત કરાવનાર જો કોઇ હોય તો તે માત્ર એક બ્રહ્મચર્ય જ છે.

૧૫. મનમાં કાંઇ, વચનમાં કાંઇ અને ક્રિયામાં કાંઇ એવી પરસ્ત્રી શી રીતે સુખના માટે થાય? એ ડાહ્યા માણસોએ વિચારવા જેવું છે.

૧૬. સોનાના દહેરાસરને બંધાવનારના

[illegible]

૧૮ [illegible]

[illegible] ઇત્યાદિ.

૧૬ વિ[illegible] ની શ[illegible] [illegible]ઓને [illegible] નથી.

૨. ધર્મનું આચરણ કરે એ જ **સાચો** **પંડિત.**

૩. સદા સત્ય વદે એ જ **સાચો વક્તા.**

૪. જગતના તમામ જીવોને અભયદાન આપે એ જ **સાચો દાતાર.**

૫. તત્ત્વોની વિચારણા કરવી એ જ બુદ્ધિ પામ્યાનું **સાચું ફલ.**

૬. વ્રત અને પચ્ચક્ખાણને ધારણ કરવા જ દેહથી પ્રાપ્ત કરવા લાયક **સાચો સાર.**

૭. અન્યને જ્ઞાન આપવું એ જ વિદ્યા ભણ્યાની **સાચી સાર્થકતા.**

૮. નિર્બળોનું રક્ષણ કરવું એ જ શક્તિ પામ્યાની **સાચી સફળતા.**

૯. ધર્મવિહીનપણું એ જ **સાચી દરિદ્રતા**